# માત્ર બે જ રૂમોમાં કાર્યરત અરવલ્લી જીલ્લા પંચાયત

## ભાડાના મકાનમાં ચેમ્બર વગરના ચેરમેનોની હાલત કફોડી : ગતિશીલ ગુજરાતના ગાણા ગાતી સરકારની વરવી વાસ્તવિકતા : સરકાર ધ્વારા જીલ્લા પંચાયત માટે જલ્દીથી જગ્યા ફળવાય તેવી લોક માંગ

મોડાસા, તા.૧૩ નવરચિત અરવલ્લી જીલ્લા પંચાયત છેલ્લા ત્રણ માસ થી અરસ્તીતિવ માં આવી છે પરંતુ અરવલ્લી જીલ્લા પંચાયત કચેરી માં લોકો માટે બેસવાની જગ્યા તો દુર પરંતુ હજુ સધી પંચાયત ના વિવિધ સમીતીઓ ના ચેરમેન અધિકારીઓ પદાધિકારીઓ અને વીરોધ પક્ષ ના નેતા માટે બેસવાની કોઈ પુરતી વ્યવસ્થાજ નથી ના તો અલગ ચેમ્બર ફાળવેલી છે કે નાતો કોઈ બેઠક વ્યવસ્થા છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સાબરકાંઠામાંથી અરવલ્લી જીલ્લો બન્યા ને આજે દોઢેક વર્ષ કરતાં પણ વધુ સમય પુરો થઈ ગયો છે સરકાર ધ્વારા ત્રણ મહિના પહેલા અરવલ્લી જીલ્લા પંચાયત ના પ્રમુખ માટે નોટીફીકેશન બહાર પાડી અને જીલ્લા પંચાયત ના પ્રથમ પ્રમુખ તરીકે મહીલા પ્રમુખ નેહાબેન પટેલ ની વરણી કરવામાં આવી પરંતુ હાલ અરવલ્લી જીલ્લા પંચાયત પાસે પોતાનુ મકાન જ નથી જયારે અરવલ્લી જીલ્લા પંચાયત ના કુલ સભ્યો ની સંખ્યા ૨૨ સભ્યો ની છે જેમાંથી ૧૪ સભ્યો ભાજપા ના અને ૮ સભ્યો કોન્ગ્રેસ ના છે જયારે એકાદ મહિના અગાઉ અરવલ્લી જીલ્લા પંચાયત ની કુલ ૭ જેટલી સમીતીઓ ની રચના કરવામાં આવીહતી અન આ સમિતી ઓ ના ચેરમેનો ની પણ નીમણુક કરવામાંઆવી હતી જયારે નગ્ન સત્ય તો એ છે કે આ સમિતીઓ ની રચના કરવામાં તો આવી પરંતુ ભાડા ના મકાન માં માત્ર બે જેટલા રૂમો માં ચાલતી જીલ્લા પંચાયત ના ચેમ્બર વગર ના ચેરમેનો ને બેસવા માટે ની કોઈ વ્યવસ્થા જ નથી.

બીજી તરફ અરવલ્લી જીલ્લા પંચાયત ના જીલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ હકારાત્મક પરિણામ ની આશા સેવતા જણાવી રહયા છે કે સરકાર માં આ નાવા મકાન અંગેની દરખાસ્ત મોકલી આપવા માં આવી છે પરંતુ જો જીલ્લા વિકાસ અધિકારી જો પોતાની કચેરી નો વિકાસ કરવામાં જ વિલંબ અને પરિણામ ની આશા રાખતા હોય તો વિકાસ ની વાતો કરવી જાણે હાસ્યાસ્પદ લાગે છે પ્રજાની મુશ્કેલી ની સાથે અરવલ્લી જીલ્લા પંચાયત ની વિવિધ સમીતીઓ ની ના ચેરમેન સ્ટાફ સહીત વિરોધપક્ષ ના નેતા ને બેસવા માટે હાલ તો ના કોઈ ખુરશી કે ચેમ્બર ની વ્યવસ્થા છે તો બીજી બાજુ સરકાર ધ્વારા ગતિશીલ ગુજરાત ની વાતો કરવામાંુ આવી રહી છે પરંતુ જે જીલ્લા પંચાયત થકી વિકાસ ના કામો થવાના છે તે જીલ્લા પંચાયત પાસે પોાતનુ મકાન જ નથી તો શુ સરકાર આ ગતી થી જ ગુજરાત નો આગળ વધારશે ત્યારે આ અંગે જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ નો સર્પક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે આ બાબતે સરકારમાં રજુઆત કરવામાં આવી છે અને આ સમસ્યાનો જલ્દી થી નીરાકરણ આવી જશે તેવી આશા વ્યકત કરી હતી.



# વાવાઝોડાએ મોતીપુરાકંપાના પશુપાલક પર આફત સર્જી

મોડાસા, તા. ૧૩ અરવલ્લી જિલ્લામાં વાવાઝોડાએ આંતક મચાવ્યો હતો. જેમાં બેના મોત પણ નિપજ્યા હતા. જિલ્લાના પ્રજાજનોની સ્થિતિ કફોડી બની જવા પામી છે. ત્યારે મોડાસા તાલુકાના મેઢાસણ પંથકના મોતીપુરાકંપા ગામની સીમમાં એક ગરીબ પશુપાલકના પશુઓને ઈજાઓ પહોંચતા પરીવાર પર પશુપાલન કરી જીવન નિર્વાહ ચલાવતા એક ગરીબ પરિવાર પર શનિવારે સાંજે ત્રાટકેલા વાવાઝોડાએ આફત સર્જી દીધી હતી. ખેતરમાં ખેતમજૂર તરીકે ઘર બનાવી રહેતા અને પશુપાલક તરીકે જીવન નિર્વાહ ચલાવતા પુજારા નિકેશકુમાર મગનસિંહ (મૂળ રહે. રખીયાલ, મોડાસા)ની ખેતરમાં બનાવેલ ઘરની દિવાલ ધસી પડતાં વાવાઝોડાથી હવામાં ફંગોળાયા હતા. ફંગોળાયેલા પતરાથી ખેતરમાં ચારો ચરતી ગાયની ગરદન પર વાગતાં ગાયની ગરદન કપાઈ જઈ લોહીના ફુવારા ઉડ્યા હતા. ગરદન કપાઈ જતાં ગાય જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહી છે. આમ ખેતરમાં વસવાટ કરતા અને પશુપાલન પર મુખ્યત્વે જીવન ગુજારતા આ પુજારા પરિવાર પર એક


(તસવીર : જય અમીન, મોડાસા)

આભ તુટી પડ્યું હતું.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામ નજીક મોતીપુર કંપામાં ઘરની બાજુમાં વરંડામાં બાંધેલ બળદ અને ભેંસને ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમજ ઘરના શેડ (પતરા) પણ સાથે ત્રણ પશુઓને ગંભીર ઈજાઓ પહોંચતા પરિવારના સભ્યો શોકમગ્ન બની ગયા હતા.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)


# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ધ્વારા અરવલ્લી જીલ્લાની શાળાઓ અને કોલેજોમાં પગરખાનુ વિતરણ

સને ૧૯૯૧થી સમાજના મધ્યમવર્ગી અને ગરીબ લોકોની સેવા માટે અરૂણોદય ટ્રસ્ટ સંચાલિત ગાંધીનગર શહેર વસાહત મહામંડળની રચના કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ ધ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી અલગ અલગ શહેરોમાં સેવાકીય કામો કરવામાં આવે છે ત્યારે આજરોજ અરવલ્લી જીલ્લા ન મોડાસા શહેરમાં આવેલી બેરામુંગા શાળા અને પોલીટેકનીક કોલેજ ખાતે ૪૦૦ જેટલી પેર ના પગરખાનુ વીતરણ કરવામાં આવ્યુ હતુ જયારે મેઘરજ તાલુકા ના કસાણા ખાતે ૧૯ જેટલી શાળાઓના ૩૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ને પગરખાનુ વીતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ અરૂણભાઈ બુચ ઉપપ્રમુખ મયુરભાઈ વ્યાસ શશીકાન્ત મોઢા અને નીલેન્દુ વોરા ઉપસ્થીત રહયા હતા

# હિંમતનગર ખાતે રાષ્ટ્રીય સર્વે દિનની ઉજવણી કરવામાં આવી

હિંમતનગર, તા. ૧૩ રાષ્ટ્રીય સર્વે દિનની ઉજવણી 'સરવે ભવન' ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ રેકર્ડઝ, હિંમતનગરની કચેરી ખાતે તારીખ ૧૦મી એપ્રિલ-૨૦૧૫ના રોજ ઉજવવામાં આવેલ અદ્યતન ડીઝીટલ સેટેલાઈટ માપણીના આધુનિક ઉપકરણોનું જાહેર જનતા જોગ પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવેલ હતુ.

પ્રદર્શનની મુલાકાત જિલ્લા કલેક્ટર સ્વરૂપ પી., એસ.ડી.એમ.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

છે. જેમાં જમીન સર્વે ખાતા દ્વારા કરવામાં આવી રહેલ વિવિધ કામગીરી જેવી કે રીસર્વેની માપણીની કામગીરી સિટી સરવેના વિસ્તારના રેકર્ડ નિભાવણીની કામગીરી ગામડાઓમાં પણ સિટી સર્વે દાખલ કરી મિલકતોના પ્રોપર્ટીકાર્ડ બનાવવાના સુચિત પ્રોજેક્ટની કામગીરીની રેકર્ડનું આધુનિકરણ વિગેરે કામગીરીને લગતી રેકર્ડ તથા મુળ માપણીના સાધનોથી માંડીને એમ.કે. વ્યાસ, મામલતદાર એચ.કે. ગઢવી હિંમતનગર તથા જિલ્લાના ખેડૂત ખાતેદારો, એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓએ અને જાહેર જનતાએ મુલાકાત લઈને તમામ કામગીરીની જાણકારી મેળવેલ હતી. આ ઉજવણીને સફળ બનાવવા માટે ડી.આઈ.એલ.આર. બી.આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ સર્વે ખાતાના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પાલનપુર એલસીબી ટીમે લૂંટના ગુનાના નાસતા ફરતા ડફેર ઈસમોને બંદુક સાથે ઝડપી લીધા

પાલનપુર, તા. ૧૩ બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં બનેલ ચોરીઓ તથા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા પોલીસ અધિક્ષક ચીરાગ કોરડીયાએ સુચના કરતાં એમ.બી. વ્યાસ, પો. ઈન્સ. એસ.ઓ.જી. તથા જે.એચ. સિંઘવ, પો. સબ ઈન્સ. એલ.સી.બી. તથા સ્ટાફ તથા એસઓજીની ટીમને મળેલ હકીકત આધારે મડાણા ગામની સીમમાં દૂધ મંડળીના ફાર્મમાં કેટલાક ડફેર ઈસમો જે ચોરી, લૂંટના ગુનામાં સંડોવાયેલ છે, જે હકીકત અન્વયે રેઈડ કરતાં હનીફ રહેમતુલ્લા ડફેર, વલીમહંમદ મીઠુ હયાત ડફેર મુળ રહે. ગણવાડાવાળા તેમના કબજાના મોટર સાયકલ નંબર જી.જે.૧એફ.એચ. ૫૭૦૬માં ગેરકાનૂની મજરલોડ બંદુક સાથે મળી આવતાં કુલ રૂ. ૩૫,૫૦૦ના મુદામાલ સાથે તેઓ સામે ગઢ પો. સ્ટે. આર્મ એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. પકડાયેલ બંને ઈસમો પૈકી હનીફ રહેમતુલ્લા ડફેરનો સને. ૨૦૧૩માં અમીરગઢના ધનપુરા હાઈવે રોડ ઉપર ઈનોવામાં બેસેલ માણસોને માર મારી પાંચેક લાખની લુંટ કેસમાં પકડાયેલ ત્યારબાદ ઉપરોક્ત ઈસમે તેની ડફેર ગેંગ સાથે છાપી પો. સ્ટે.ના ધારેવાડા પાટીયા નજીક રાત્રીના સમયે ટ્રક ચાલકને માર મારી લૂંટ કરેલ તેમજ લુંટ કરવા સાગરીતો સાથે નીકળતા પોલીસ નાકાબંધી દરમ્યાન નાસી ગયેલ વગેરે ગુનાઓમાં સંડોવાયેલ છે.

ઉપરોક્ત ઈસમ અગાઉ મલાણા ગામે રહી તેના સાગરીતો સાથે આ રીતે ચોરી, લુંટનો ધંધો કરતો હતો. પરંતુ છેલ્લા ઘણા સમયથી ઉપરોક્ત લુંટના ગુનાઓમાં વોન્ટેડ હોઈ જે અલગ અલગ જગ્યાએ આશ્રય સ્થાનો બદલતો હોઈ પોલીસે મળેલ હકીકત આધારે ઉપરોક્ત રીઢા ગુનેગારને ઝડપી પાડેલ છે. જેના કારણે જિલ્લામાં બનેલ બીજા મિલ્કત સંબંધી ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના રહેલી છે.

# બાઈકની ટક્કરે વૃદ્ધના મોત બાદ પેથાલ ગામે ટોળાનું ચડોતરું

ખેડબ્રહ્મા, તા. ૧૩ ખેડબ્રહ્મા તાલુકાના પાટડીયા ગામે વૃદ્ધ સવજીભાઈ માલાભાઈને પેથાલ ગામના બાઈક ચાલક


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પ્રવિણભાઈ ગમારે ટક્કર મારતા સારવાર દરમ્યાન તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનાની અદાવત રાખી શનિવારે કેટલાક ઈસમોએ પેથાલ ગામે ચડોતરુ કરી અકસ્માત સર્જનાર પ્રવિણભાઈના પરિવારના ૩ મકાનોને આગ ચાંપી દીધી હતી જેના કારણે ગ્રામજનોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. આગમાં ઘરવખરી અને લણીને રાખેલ ઘઉંનો પાક બળીને ભસ્મ થઈ જવા પામ્યો હતો. હાલ ગામમાં આ ઘટનાને કારણે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હોઈ ૩ તાલુકાની પોલીસ ખડકી દેવામાં આવી છે.

ટોળાએ ચાંપેલ આગમાં નવજી ગુજરા ગમાર, ગુજરા કાળા ગમાર અને બચુ ગુજરા ગમારના મકાનો સળગાવવામાં આવ્યા હતા. જેમાં ઘરવખરી અને ઘઉંનો પાક બળીને ખાખ થઈ જવા પામ્યો છે. ઘટનાની જાણ પોલીસને થતાં પેથાલ ગામે પોલીસ ટીમ દોડી આવી હતી. પોલીસે ૨૦૦ થી વધુ ઈસમોના ટોળા સામે રાયોટીંગનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જો કે આ ચડોતરુ દરમ્યાન કોઈ જાનહાનિ થવા પામી નથી. સમગ્ર ઘટનાની ખેરોજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાયી છે. જેની તપાસ પીએસઆઈ સી.વી. નાયક ચલાવી રહ્યા છે.

# તલોદ તાલુકાની છત્રીસા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

(દશરથ વણઝારા), તલોદ,તા. ૧૩ તલોદ તાલુકાના છત્રીસા ગામની પ્રાથમિક શાળાના વયમર્યાદાથી નિવૃત્ત થતાં મુખ્ય શિક્ષક કાન્તાબેન વેણાભાઈ પટેલને આજે શાળા પટાંગણમાં વિદાય સમારંભ યોજી સન્માનવામાં આવ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ સમારંભમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા

સમારંભનો પ્રારંભ રાજયના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરાયો હતો. કાર્યક્રમમાં નિવૃત્ત થઈ રહેલા કાન્તાબેન પટેલનું ફૂલહારથી સન્માન કરાયું હતું. તેમજ તેમને શાલ ઓઢાડી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યુ હતુ. વર્ષો સુધી છત્રીસા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકેની સેવાઓ આપનાર કાન્તાબેનને ગ્રામજનોએ ભારે હૈયે અશ્રુભીની વિદાય આપી હતી. કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે જાતે ધ્યાન રાખનાર સેવાભાવી શિક્ષિકા કાન્તાબેનની છત્રીસા પ્રાથમિક શાળાને ખોટ વર્તાશે તેવો મત ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો. અભ્યાસ અંગે પ્રેમ જગાડનાર કાન્તાબેનનો બાળકોએ ચરણસ્પર્શ કરી આશિર્વાદ મેળવ્યા હતા.

આ કાર્યક્રમમાં બળદેવભાઈ ચૌધરી, રાજુભાઈ પંચાલ, બંસીલાલ મહેતા, પ્રકાશભાઈ ત્રિવેદી, ભોગીલાલ પટેલ, જીજ્ઞેશભાઈ પટેલ, સ્ટાફ મિત્રો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળા સંચાલકે આભારવિધિ પ્રસ્તુત કરી હતી.

# મહેસાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાઉસ કીપીંગ તાલીમ કાર્યક્રમ યોજાયો

મહેસાણા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પ્રેરીત મિશન મંગલમ ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા સખીમંડળોની બહેનોના આરોગ્ય વિભાગ સાથેના જોડાણ અંતર્ગત હાઉસ કીપીંગ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગની આ કામગીરીની તાલીમ બે તબક્કામાં ૭૩ બહેનોને આપવામાં આવનાર છે. પ્રથમ તાલીમનો તબક્કો ૧૩ એપ્રિલથી ૧૮ એપ્રિલ અને બીજો તાલીમનો તબક્કો ૨૦ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન થનાર છે. મહેસાણા જિલ્લાએ સૌ પ્રથમ જ સખીમંડળને આરોગ્ય વિભાગ સાથે મળીને સખી મંડળોની બહેનોને રોજગારી અપાવી હતી. આ પ્રોજેક્ટની સફળતાના પગલે સમગ્ર રાજ્યમાં આરોગ્ય વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ સાથે એમ.ઓ.યુ. થયેલ છે. જેનાથી રાજ્યમાં સખીમંડળની બહેનોને હાઉસ કીપીંગમાં રોજગારી મળનાર છે. મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગમાં સખીમંડળની ૪૦ બહેનો કાર્યરત છે જ્યારે અન્ય સરકારી કચેરીઓમાં ૭૭ બહેનો કામગીરી કરી આજીવીકા મેળવી રહી છે. સખીમંડળની બહેનોને લઘુત્તમ વેતન નિયમ મુજબ દિવસના રૂપિયા ૨૬૮ મળી રહ્યા છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧